પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલરૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail :cp-spl-vad@gujarat.gov.in

## જાહેરનામું

ક્રમાક- જી/સીપી/વિ.શા./મ.ન.પા/ચૂંટણી/ ૨૭૮ /૨૦૨૧, તા.૩૧/૦૫/૨૦૨૧

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે બહાર પાડેલ જાહેરનામું

// વાંચ્યા //

૧. રાજ્ય ચૂંટણી આયોગના પત્ર ક્ર.રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક, તા.૦૬/૦૧/૨૦૧૦
૨. રાજ્ય ચૂંટણી આયોગના પત્ર ક્ર.રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૩૮૫-૦૧૨૦૨૧-ક, તા.૨૫/૦૧/૨૦૨૧

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ નો કાર્યક્રમ પરિપત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૭)-૦૧૨૦૨૧-ક તા.૨૩/૦૧/૨૦૨૧ થી જાહેર કરેલ છે તે મુજબ વડોદરા શહેરમાં મહાનગરપાલિકા મતદાનની તા.૨૧/૦૨/૨૦૨૧ તેમજ મત ગણતરીની તા.૨૩/૦૨/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે. જીલ્લા / તાલુકા પંચાયતની મતદાનની તા.૨૮/૦૨/૨૦૨૧ તેમજ મત ગણતરીની તા.૦૨/૦૩/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે.

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, **ડો. શમશેર સિંઘ, (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર** હાલની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને પોલીસ કમિશ્નરના હકુમત હેઠળના વિસ્તારમાં યોજાનાર મહાનગરપાલિકા તેમજ જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી હેઠળના વિસ્તારમાં, સુલેહશાંતિ અને સલામતી અર્થે વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારુ સુલેહશાંતિ અને સલામતિ જાળવવી અત્યંત જરૂરી હોઈ વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

**અમલવારી સમય**

**તા.૦૧/૦૨/૨૦૨૧ થી તા.૧૫/૦૨/૨૦૨૧ સુધી અમલમાં રહેશે.**

(૧) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી ,
(૨) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર સભા ભરવી નહી કે બોલાવવી નહી,સરઘસ/રેલી કાઢવી નહી,વધુમાં હું એવો આદેશ કરું છું કે,

પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, કોલેજો, વ્યવસાયિક શિક્ષણ આપતા સંકુલો/મકાનો/સ્થળોનો ઉપયોગ કોઈપણ રાજકીય પક્ષનાં ઉમેદવાર/ટેકેદારો/મંત્રીશ્રી, રાજકીય પ્રવૃત્તિ માટે કોઈપણ સંજોગોમાં કરી શકશે નહી. અલબત, ચૂંટણી પ્રચારનાં હેતુ માટે મેદાનોની અછત હોવાથી શાળા અને કોલેજોના મેદાનોનો ઉપયોગ કરવા માટે નીચેનું શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. શાળા અને કોલેજનાં શૈક્ષણિક સમયપત્રકને કોઈપણ સંજોગોમાં અસર થવી જોઈએ નહી.
૨. શાળા/કોલેજોના વ્યવસ્થાપકોને તેની સામે વાંધો હોવો જોઈએ નહી અને શાળા/કોલેજોનાં વ્યવસ્થાપક મંડળની અને સક્ષમ સત્તાધિકારીની અગાઉથી મંજૂરી લીધી હોવી જોઈએ.
૩. આવી મંજૂરી વહેલા તે પહેલાના ધોરણે આપેલી હોવી જોઈએ. કોઈપણ રાજકીય પક્ષને આ મેદાનોનો એકહથ્થુ ઉપયોગ કરવાની પરવાનગી આપવી નહી.
૪. શાળા/કોલેજોના મેદાનોનો રાજકીય મીટીંગ માટેની ફાળવણીમાં કોઈ ભંગને ચૂંટણી પંચ ગંભીરતાથી જોશે અને આ બાબતની જવાબદારી સક્ષમ સત્તાધિકારીની રહેશે.

૫. રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ઉપર દર્શાવેલા ધોરણોનો ભંગ ન થાય તે માટે કાળજી અને તકેદારી લેવાની રહેશે. જો આ મેદાનોનો પ્રચાર માટે ઉપયોગ કરવાનો હોય તો તેને કોઈપણ નુકશાન વગર સંબંધિત સંસ્થાને પરત સોંપવુ અને જો કોઈ નુકશાન થયું હોય તો તેના વળતર સાથે પરત સોંપવું. સંબંધિત રાજકીય પક્ષ/પક્ષો મેદાન પરત સોંપતી વખતે નુકશાનનું વળતર ચૂકવવા માટે જવાબદાર રહેશે.

**આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.**

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને.

(૩) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

(૪) આ જાહેરનામું કોવિડ-૧૯ની ગાઈડ લાઈન મુજબ લગ્ન પ્રસંગ, મૃત્યુ કિસ્સામાં અંતિમ ક્રિયા, ધાર્મિક વિધિ તેમજ કોવિડ-૧૯ સંદર્ભેની કામગીરી કરતા અને કાયદેસરની ફરજ બજાવતા હોય તેવા અધિકારી/કર્મચારીઓને લાગુ પડશે નહી.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે સદરહું અધિનિયમની કલમ–૧૩૫ની પેટા કલમ(૩) મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે વડોદરા શહેરમાં ફરજ બજાવતા અધિક પોલીસ કમિશ્નરના દરજ્જાથી પોલી પો.સ.ઈ. સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

કોવિડ-૧૯ અન્વયે ગૃહ મંત્રાલય તથા ગૃહ વિભાગ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ રાજય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ તથા બહાર પાડવામાં આવનાર વખતો- વખતની ગાઈડ લાઈનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**વિજ્ઞપ્તિ -::**

હું આથી આદેશ આપું છું કે ,આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવી ,તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તા.૩૧/૦૮/૨૦૨૧ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

પોલીસ કમિશ્નર વડોદરા શહેર

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીઓ(નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો ધ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**<u>જયભારતસહ નકલ રવાના</u> :–**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.

(૪) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી કલેકટરશ્રીની કચેરી, વડોદરા શહેર,વડોદરા.

(૫) ચૂંટણી આચારસંહિતા અમલીકરણ અધિકારીશ્રી, તથા નોડલ અધિકારીશ્રીઓ

(૬) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૭) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૮) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૯) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૦) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૧) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૨) પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.,વડોદરા.
(૧૩) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા.(ગેઝેટ ભાગ–૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારુ).
(૧૫) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૬) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૭) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૮) સંયુક્ત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/– સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.**